નવી બબત વર્ષ ૨૦૨૦-૨૧

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત કુલ ૪૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૦૨૪/બ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭-૦૪-૨૦૨૧.

પ્રસ્તાવના :-

ભારત સરકારની મનરેગા યોજના અંતર્ગત રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ કરવા પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ. ૭.૦૦ લાખ નિયત કરવામાં આવેલ છે. જે પૈકી રૂ.૫.૦૦ લાખનો ખર્ચ મનરેગા અંતર્ગત કરવાનો રહે છે. જયારે બાકીના રૂ. ૨.૦૦ લાખ પૈકી ભારત સરકારશ્રી દ્વારા રૂ. ૧.૦૦ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ. ૧.૦૦ લાખ ફાળવવાનું નિયત કરવામાં આવેલ છે. રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ કુલ ૪૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે ભારત સરકારના હિસ્સાની રૂ.૪૦૦.૦૦ લાખ તેમજ રાજય સરકારના હિસ્સાના રૂ.૪૦૦.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૮૦૦.૦૦ લાખ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ની બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે જોગવાઇ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત કુલ ૪૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે આંગણવાડી દીઠ ભારત સરકારના હિસ્સાની રૂ.૪૦૦.૦૦ લાખ તેમજ રાજય સરકારના હિસ્સાના રૂ.૪૦૦.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૮૦૦.૦૦ લાખ ની વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન SOR મુજબ નકશા/ અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૫) આ યોજનાનો અમલ તા,૧/૪/૨૦૨૧ થી કરવાનો રહેશે

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | : | (૦૨) પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧- એનટીઆર-૦૫, નમૂનારૂપ આંગણવાડીનું બાંધકામ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૯) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૧૬) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૦) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૨) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૩) સિલેક્ટ ફાઇલ